


ગાંધીનગર સમાચાર

## @ગાંધીનગર

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સંકુલ ખાતે સવારે ૧૦ કલાકે દિનદયાળ પ્રધાનમંત્રી જન ઔષધી સેન્ટરનો પ્રારંભ થશે.

● કડી સર્વ વિશ્વ વિદ્યાલય યુનિવર્સિટી બિલ્ડીંગ એલડીઆરપી કેમ્પસ ખ-૫ સર્કલ પાસે સે-૧૫ ખાતે સવારે ૧૧.૦૦ કલાકે પત્રકાર સ્નેહમિલન સમારોહ યોજાશે.

● ગાંધીનગર શહે જાગૃત નાગરિક પરિષદનો સ્નેહમિલન સમારોહ સાંજે ૪.૩૦ કલાકે સે-૨૧ નમન એપાર્ટમેન્ટ ખાતે યોજાશે.

● ગુજરાત રાજય સહકારી સંઘ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લા સહકારી સંઘ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે ૬૩મો અખિલ ભારત સરકાર સપ્તાહ ઉદઘાટન અને ધ્વજવંદન સમારોહ સવારે ૯.૦૦ કલાકે સે-૧૭, ટાઉનહોલ, ગાંધીનગર ખાતે યોજાશે.

● દેવ દેવાળી નિમિત્તે ઘ-૨ સર્કલ પાસે ઉભા રહેતા મહેન્દ્રકાકા સોડાવાળા ૨૦૦૦ સોડાનું નિઃશુલ્ક વિતરણ કરશે.

## ભાડુઆત અંગે જાણ ન કરનાર બે મકાનમાલિક સામે ગુના દાખલ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે ઈન્દ્રોડા ગામમાં ભાડે અપાયેલા મકાનોમાં ચેકીંગ હાથ ધર્યુ હતું. બે મકાનોમાં રહેતા પર પ્રાંતિય ભાડુઆતો અંગે સ્થાનિક પોલીસ મથકમાં જાણ કરાયેલી ન હોવાનું ચેકીંગમાં ધ્યાને આવ્યું હતું. જેને આધારે બંને મકાનોના માલિકો સામે એસઓજીની ટીમે જિલ્લા કલેકટરના જાહેરનામાનો ભંગ કરવા બદલ આઈપીસી કલમ ૧૮૮ મુજબ ગુનો દાખલ કરીને ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.






શહેરમાં રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦ના દરની ચલણી નોટ બંધ થતા જ શહેરીજનો પોતાનો કામ ધંધો છોડીને બેંકની લાઈનમાં લાગી ગયા છે. નગરની બેંકો આગળ સવારથી સાંજ સુધી રૂપિયાની લેવડ દેવડ માટે નાગરીકોની ભારે ભીડ જામે છે. શહેરની દેના બેંક, એસ.બી. આઈ., બેંક ઓફ બરોડા, આસીઆઈસીઆઈ, એચડીએફસી સહિતની રાષ્ટ્રીયકૃત બેંક તેમજ ખાનગી ક્ષેત્રની બેંકોમાં નાગરિકોને ધસારો સતત પાંચમા દિવસે પણ યથાવત રહેવા પામ્યો હતો. નોટ બદલવાની પળોજણમાં મધ્યમવર્ગ ભારે પરેશાની વેઠી રહ્યો છે. જીવન જરુરી ચીજવસ્તુ માટે છુટા રૂપિયા જરુરી હોવાથી લાઈનમાં ઉભા રહ્યા વિના બીજો કોઈ વિકલ્પ નાગરિકો પાસે નથી. ત્યારે રવિવારની રજા હોવાથી બેંકો આગળ નાગરિકોની કિલોમીટર લાંબી લાઈનો દશ્યમાં જોઈ શકાય છે.

# શહેરમાં વધુ બે ઘરફોડ ચોરી : પોલીસ નિંદ્રાધીન

ગાંધીનગર, તા.૧૩

શહેરમાં દિવાળીના તહેવારોની રજાઓમાં ઘરફોડીયાઓએ પોલીસના સઘન નાઈટ પેટ્રોલીંગ વચ્ચે આઠથી દસ ઘરફોડ ચોરીઓ કરી પોલીસનું નાક વાઢી નાંખ્યું હતું. દરમિયાન દેવ દિવાળી પહેલા વધુ બે ઘરફોડ સે-૭ પોલીસ સ્ટેશનની હદમાં થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. સે-૫માં બે દિવસ પહેલા ઘરફોડ કરી તસ્કરો અંદાજે સવા લાખની મત્તા ચોરી ગયા હતા જયારે ગઈ રાત્રે સે-૧૪માં એક બંધ મકાનનું ઈન્ટરલોક તુટયું હોવાનું ધ્યાને આવ્યું છે. તસ્કરોએ પોલીસને એવી લપડાકો મારી છે કે શરમનાં માર્યા પોલીસે હવે ઘરફોડ ચોરીની વિગતો જ આપવાની બંધ કરી દીધી છે.

મળતી માહિતી મુજબ બે દિવસ અગાઉ શહેરના સે-૫ ખાતે એક બંધ મકાનમાં તસ્કર ટોળકી ત્રાટકી હતી. દરવાજાનું તાળુ તોડીનો અંદર ઘુસીનો અંદાજે સવા લાખની કિંમતના દાગીના તથા રોકડ મળી કિંમતી મુદ્દામાલની ઉઠાંતરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતાં. આ મામલે સે-૭ પોલીસ દોડતી થઈ હતી. પરંતુ સત્તાવાર કોઈ પ્રકારની માહિતી પોલીસે આપી નથી. તે ઉપરાંત ગઈ રાત્રે શહેરના સે-૧૪ ખાતે એક બંધ મકાનનું ઈન્ટરલોક તાળુ તુટયું હતું. સવારે પોલીસને ઘટના અંગે જાણ કરવામાં આવતા ટીમ સ્થળ પર પહોંચી હતી પરંતુ માત્ર ઈન્ટરલોક તુટયું છે. કાંઈ ગયું ન હોવાનું પોલીસનું કહેવું છે. મોડી સાંજ સુધી આ મામલે કોઈ પોલીસ ફરિયાદ નોંધાવા પામી ન હતી.

## સે-૨૮માં રહેતા ઉપસચિવનાં બંધ મકાનમાં પણ ઘરફોડ

ગાંધીનગર, તા.૧૩

શહેરના સેક્ટર-૨૮ બ્લોક નં. ૧૦૪/૨, ચ-ટાઈપ ખાતે રહેતા અને સે-૧૦ કર્મયોગી ભવનમાં બ્લોક નં. ૨ ખાતે ઉપસચિવ તરીકે ફરજ બજાવતા રાજેશકુમાર જીવણસિંહ સોલંકી ૨૯ ઓકટોબરે બપોરે દિવાળી વેકેશનને પગલે પરિવારને લઈને વતને ગયા હતા. બે દિવસ પહેલા બપોરે ઘરે પરત ફર્યા તો મુખ્ય દરવાજાનું તાળુ તુટેલું જોવા મળ્યું હતું. તેમના મકાનમાં તસ્કરોએ હાથફેરો કરી લીધો હતો. મકાનમાં ઘુસીને કબાટમાંથી ચાંદીના ગ્લાસ, સિક્કા, બુટ્ટી, બ્લેન્ડર અને પેન્ટ શર્ટના કાપડ મળી કુલ રૂ. ૮૬૦૦ની મત્તાનો સામાન ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતાં. ઉપસચિવની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

## પેથાપુરમાં સાડીની દુકાનમાંથી મહિલાનું રૂ. ૨૫ હજાર ભરેલું પર્સ ચોરાયું

**અમદાવાદથી પેથાપુરમાં સાડીઓ ખરીદવા મહિલા આવી હતી**

ગાંધીનગર, તા.૧૩

અમદાવાદ ખાતે રહેતા જયાબા અજીતસિંહ જાડેજા પેથાપુર ખાતે સાડીઓની ખરીદી કરવા આવ્યા હતાં. પેથાપુરની ઝલક સાડી સેન્ટરમાં જયાબા સાડીઓ જોઈ રહ્યા હતા તે દરમિયાન તેમના રૂપિયા ભરેલા પર્સની ચોરી થઈ જવા પામી હતી. રૂ. ૨૫ હજાર રોકડા ભરેલા પર્સની ચોરી અંગે જયબાના સગા છોટુભા બચુભા ચુડાસમાએ ફરિયાદ આપતા પેથાપુર પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી પીએસઆઈ એલ.એસ. ચૌધરીએ તપાસ શરુ કરી છે. દુકાનના સીસીટીવી ફુટેજમાં એક અન્ય મહિલા શંકાસ્પદ જણાઈ રહી હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. પોલીસે તે દિશામાં તપાસ શરુ કરી છે.

## શહેરનાં ત્રણ બેદરકાર પોલીસ કર્મચારીઓની બદલી

**કંટ્રોલ રૂમમાં બેઠા બેઠા પીસીઆર પાસે ચા-નાસ્તા મંગાવતા હોવાનું એસ.પી.ને ધ્યાને આવ્યું...!**

ગાંધીનગર, તા.૧૩

એક તરફ શહેરમાં તસ્કરોએ તરખાટ મચાવતા એસ.પી.એ કડક રાત્રી પેટ્રોલીંગ માટે સુચનાઓ આપી છે તો બીજી તરફ કંટ્રોલ રૂમમાં બેઠા બેઠા પીસીઆર વાનની પોલીસ પાસે પેટ્રોલીંગ અસરકારક કરાવવાને બદલે રાત્રે તેમની પાસેથી પોલીસ ના-નાસ્તા મંગાવતી હોવાનું એસ.પી.ને ધ્યાને આવતા કંટ્રોલ રૂમના બે કર્મચારી અને એક પીએસઓની તાત્કાલીક બદલી કરી દેવામાં આવી છે.

મળતી માહિતી મુજબ સેકટર-૭ પોલીસ સ્ટેશનની પીસીઆર-૨એ તાજેતરમાં રાત્રે બે વાગ્યાના અરસામાં કંટ્રોલ રૂમના વાયરલેસ મેસેજના રીપ્લાય આપવાનું બંધ કરી દીધું હતું. વાયરલેસનો અવાજ ઓછો રાખ્યો હોવાથી કે ઝોકુ આવી ગયું હોવાથી પીસીઆરની પોલીસે જવાબ ન આપતા કંટ્રોલ રૂમમાં બેઠેલા પોલીસ જવાનોએ આ પીસીઆરના ડ્રાયવરને મોબાઈલ પર ફોન કર્યો હતો. શાબ્દીક કડક સુચનાઓ આપ્યા બાદ પીસીઆરની પોલીસને કંટ્રોલમાં બેઠેલા જવાનોએ ચા નાસ્તો લઈને આવવા આદેશ કર્યો હતો. પીસીઆર વાન લઈને જવાનો ચા નાસ્તો લઈને કંટ્રોલરૂમમાં ગયા અને આ મામલો બીજે દિવસે પીઆઈ પાસે અને ત્યાર બાદ એસપી પાસે પહોંચ્યો હતો. એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે આ બાબતને ગંભીરતાથી લઈને કંટ્રોલરૂમમાં બેઠા બેઠા પીસીઆરના જવાનો પાસે ચા નાસ્તો મંગાવનાર બે પોલીસ કર્મચારીઓ અને નોંધ ન કરનાર સે-૭ પોલીસ મથકના પીએસઓ મળીને ત્રણ કર્મચારીઓને તાત્કાલીક અસરથી બદલી કરી ડીપાર્ટમેન્ટલ એકશન લેવામાં આવ્યા છે. કંટ્રોલમાંથી માર્ટીનને માણસા અને ભીખાભાઈને કલોલ મુકવામાં આવ્યા છે જયારે સે-૭ના પીએસઓ ચંદુભાઈની અડાલજ બદલી કરી દેવામાં આવી છે.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં ગુજરાત ગેસ લિ. કંપની દ્વારા ૫૦૦/૧૦૦૦ની નોટો નહી સ્વીકારવા બાબતે સર્જાયેલ વિવાદના પગલે કંપની સત્તાવાળાઓ દ્વારા લેખિત ખુલાસો રજુ કરાયો છે. ખુલાસા મુજબ ગુજરાત ગેસ લિ. કંપની કેન્દ્ર સરકારના આદેશ મુજબની જાહેર ક્ષેત્રની કંપનીના દાયરામાં આવતી ના હોવાથી જુની ચલણી નોટો સ્વીકારવા અસમર્થ હોવાનું જણાવાયું છે.

● બેંકોમાં જુની ચલણી નોટો બદલાવાની કાર્યવાહી પ્રારંભ થયાના પ્રાથમિક બે ત્રણ દિવસે શહેરની બેંકોની શાખાઓ આસપાસના વિસ્તારમાં ઉભા રહેતા ખાણી પીણી ચાની લારીઓ તથા પાન મસાલાના ગલ્લા વગેરેને પોલીસે ઉભા રહેવા દીધા નહોતા. જો કે રવિવારથી આ વ્યવસાયકોને ઉભા રહેવાની છુટ મળતા તેમને બેંકો પર લાગેલી ભીડના કારણે સારો ધંધો થવા પામ્યો હતો.

● શહેરના શૈક્ષણિક સંકુલોમાં રવિવારે ડીવાયએસઓની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા યોજાઈ હોવાથી બહારગામથી ઉમેદવારોના ધાડા આવી પહોંચ્યા હતા. આ કારણે શહેરમાં શૈક્ષણિક સંકુલોની આસપાસ ટ્રાફિકની ભારે જમાવટ જોવા મળી હતી.

● શહેરમાં સોશ્યલ મિડીયા પર વાઈરલ થઈ રહેલા ખોટા સંદેશાઓને કારણે નાગરિકોમાં ગેર સમજો ફેલાઈ રહી છે જેના પ્રતાપે અનેક નાગરિકો પરેશાનીનો ભોગ બની રહ્યા છે. તાજેતરમાં સોશિયલ મિડીયા પર જેના ઘરમાં લગ્નપ્રસંગ હોય તે ડીએસપી કે કમિશનરનું પ્રમાણપત્ર મેળવી રૂ.૫ લાખની કેશ ઉપાડી શકે છે તેવા મેસેજે નાગરિકોને ગેર માર્ગે દોર્યા હતા.

● જુની ચલણી નોટો રદ થવાના પગલે શહેરમાં કાળા નાણાંને ધોળા કરી આપવાની લાલચો આપતા તકવાદીઓ સક્રીય થઈ જવા પામ્યા છે. આવા તત્વો 'ગ્રાહકો' શોધતા ફરી રહ્યા છે.

# હક જરૂર માંગીએ પણ ફરજ ભુલીએ નહી

**સરકારનો ચલણી નોટો રદ કરવાનો નિર્ણય ભલે અગવડભર્યો છે પરંતુ દેશના અર્થતંત્ર માટે લાભકારી જરૂર છે : દેશમાં આવકની અસમાનતા જેટલી બને તેટલી ઘટે તે અત્યંત આવશ્યક**




ગાંધીનગર, તા.૧૩

આ વર્ષે નવેમ્બર માસની આઠમી તારીખ દરેકને બરાબર યાદ રહી જવાની છે. આ તારીખે વડાપ્રધાને સાંજના સમયે કરેલા રાષ્ટ્રવ્યાપી સંબોધનમાં કરાયેલી રૂ. ૫૦૦ ને રૂ. ૧૦૦૦ની ચલણી નોટો રદ કરવાની જાહેરાતે રીતસરનો હડકંપ મચાવ્યો છે. આ જાહેરાત સાથે જ તુરંત એક દિવસની બેંક રજા પણ જાહેર કરાઈ હોવાથી બેંકો પુનઃ કાર્યરત થાય ત્યાં સુધી તમામ નાગરિકોએ સરકારના નિર્ણયની પોત પોતાની રીતે સમીક્ષા કરી જેમાં મોટા ભાગના સામાન્ય નાગરિકોનો પ્રાથમિક મત 'સરકારનું પગલું યોગ્ય છે' તેવો જણાયો હતો. જો કે બેંકો ચાલુ થયા બાદ સર્જાયેલી અરાજકતાએ નાગરિકોમાં ફરી આ નિર્ણય બાબતે અનેક શંકા-કુશંકાઓ ઉભી કરી જેમાં સોશ્યલ મિડીયાના માધ્યમે માત્ર મસાલેદાર તડકાનું કામ કર્યું છે. સરવાળે આખી ઘટનામાં ભારતનો આમ નાગરિક હજુ પણ અવઢવમાં છે. જો કે સરકારના આ નિર્ણયને મોટા ભાગના નિષ્ણાતોએ આવકાર્યો છે તેમજ મોટા ભાગના રાજકારણીઓએ વખોડયો પણ છે.

જુની ચલણી નોટો એકાએક રદ કરવાના નિર્ણય સાથે સરકારે નવી નોટો ઈશ્યુ કરવાની વ્યવસ્થા પણ ગોઠવી છે. જેમાં ગણતરીના કલાકોમાં દેશભરની બેંકોમાં નવી ચલણી નોટોનો સ્ટોક પહોંચાડવાથી માંડીને, રજાના દિવસે બેંકો ચાલુ રાખવી, યોગ્ય પુરાવા સાથે નવી નોટો ઈશ્યુ કરવી, પોતાના ખાતામાં ગમે તેટલી રકમ ભરવાની સુવિધા સાથે આકસ્મિક જરૂરિયાત પુરતી રકમ ઉપાડી શકાય તેવી છુટછાટ આપવી વગેરેનો સમાવેશ થાય છે. આ સાથે ભારત જેવા વિશાળ અને વસ્તીપ્રધાન દેશની જનતાને ધ્યાનમાં રાખીને ૫૦ દિવસ જેટલો સમયગાળો પણ આપ્યો છે. તેમજ પેટ્રોલ પંપ, ગેસ પંપ, હોસ્પિટલ, સરકારી વેરા, ઈલેકટ્રીસીટી-ટેલિફોન જેવા બિલના ભરણાં વગેરે સરકારી એજન્સીઓ દ્વારા જુની નોટો સ્વીકારવાની પણ છુટ રાખી નાગરિકોને પુરતા વિકલ્પ પણ પુરા પાડયાં છે. જો કે આ સાથે આરબીઆઈ દ્વારા પ્રકાશિત કરાયેલ ગાઈડ લાઈન્સની જાણકારી નાગરિકો સુધી યોગ્ય રીતે પહોંચી ના શકતા અપૂરતી માહિતિના કારણે ગેરસમજો પણ ફેલાવા પામી છે. એમાં પણ જેના ઘરમાં લગ્નપ્રસંગ કે તેવા કોઈ અન્ય આયોજનો હાથ ધરાયેલા હતા અથવા દિવાળી વેકેશનનો પ્રવાસ ચાલુ હતો તેઓ માટે તકલીફ પડવી સાહજિક હતું. આ બધી મથામણમાં સામાન્ય નાગરિકને હજુ પણ એ પ્રશ્ન સતત મુંઝવી રહ્યો છે કે સરકારનો આ નિર્ણય યોગ્ય છે કે રાજકીય ઉદ્દેશથી પ્રેરિત છે. વળી, તેને અવો પણ અહેસાસ થઈ રહ્યો છે કે આ નિર્ણયથી તો માત્ર અમે જ હેરાન થઈ રહ્યા હોય તેવું જણાઈ રહ્યું છે. જયારે ખરા કાળાબજારિયા કે



ભ્રષ્ટાચારીઓને તો કોઈ અસર જ નથી પડી. એમાં પણ સોનાના ભાવ વધી જવા, મીઠા-ખાંડની અછતની અફવા ફેલાવવી બધું તેને સતત મુંઝવી રહ્યું છે જેમાં સોશ્યલ મિડીયા પણ ભાગ ભજવી રહ્યું છે.

સરકારના નિર્ણયની સમીક્ષા કરતા પહેલા અર્થશાસ્ત્ર ના એક સામાન્ય સિધ્ધાંતને જોઈએ તો જયારે જયારે અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો ઉત્પાદન કરતા ખૂબ વધી જાય ત્યારે ત્યારે અર્થતંત્રમાં ફુગાવો, મોંઘવારી બેકાબુ બને છે. ઉદાહરણ તરીકે એક કિલો ટમેટા ખરીદવા હાજર ત્રણ ગ્રાહકોના ખિસ્સામાં સરેરાશ ૨૦ રૂપિયા હોય તો તેનો ભાવ ત્યાં સુધી જ વધી શકે છે. પરંતુ જયારે આ ગ્રાહકોના ખિસ્સામાં સરેરાશ ૧૦૦ રૂપિયા આવી જાય ત્યારે ટમેટાનો પુરવઠો વધ્યો ના હોવા છતાં તેનો ભાવ હવે રૂ.૧૦૦ સુધી જઈ શકે છે. બસ આજ રીતે છેલ્લા કેટલાક વર્ષોથી દેશમાં આતંકવાદી ગતિવિધીઓ ના કારણે ઠલવાતી બે નંબરી તેમજ ડુપ્લીકેટ ચલણી નોટોના પુરવઠાએ મોંઘવારીને સતત ઉત્તેજન આપવાનું કાર્ય કર્યું છે સાથે દેશમાં વધેલા ભ્રષ્ટચારે પણ કાળા નાણાંમાં વધારો કરતા પરિસ્થિતિને વિષમ બનાવી દીધી હતી. જેને સરકારે ઈશ્યુ કરેલી મોટી નોટો એટલે કે ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટોએ રસ્તો આસાન કરી આપ્યો હતો. એક અંદાજ મુજબ ૮૦ ટકાથી વધુ ચલણી આ નોટોમાં જ સમાયેલું હતું. રીયલ એસ્ટેટ અને સોનુ-ચાંદી જવેરાત જેવા ઉદ્યોગોમાં ચોપડે નોંધાતા સોદાને બદલે ઉંચી રકમથી થતા સોદાઓ માત્ર સરકારને ટેકસનું નુકસાન નહોતા કરાવતા પરંતુ ફુગાવાને ઉત્તેજન આપવાનું પણ કામ કરતા હતા. સરકારનું ચલણી નોટો રદ કરવા પાછળનું લક્ષ્ય માત્ર રાજકીય પક્ષો જ નહીં પરંતુ ભ્રષ્ટાચારીઓ, કાળા બજારિયા, જમીન માફિયા, ધનકુબેર ધર્મગુરુઓ સોના-ચાંદીના મોટા ગફલા કરતા સોદાગરો ઉપરાંત અર્થતંત્રને ઉધઈની જેમ કોરી ખાતા ડુપ્લિકેટ નોટો ઘુસાડતા આતંકવાદી સંગઠનો પણ છે જ. અમેરિકન પ્રમુખ કોણ બનશે તેના પર અબજોના સટ્ટા રમેલા સટ્ટાખોરોને પણ સરકારે એક જ ઝાટકે પરિણામ આવે તે પહેલા જ રાતા પાણીએ રોતા કરી દીધા છે. રાજકારણમાં નોટના જોરે વોટના વહીવટ કરતા રાજકીય પક્ષો પણ ભેખડે ભરાયા છે. પરંતુ અહીં સવાલ એ ઉઠી રહ્યાં છે કે શું હવે ભ્રષ્ટાચાર બંધ થઈ જશે? કાળુ નાણું અટકી જશે? સામાન્ય નાગરિક કેમ હેરાન થાય છે?

સરકારના નિર્ણયથી હવે એટલું થશે કે તા. ૩૦મી ડિસેમ્બર પછી બજારમાં હયાત નાણાંની સરકાર પાસે સ્પષ્ટ ગણતરી થશે. મકાન,જમીન, સોનુ સહિત હવે ખેતીના પાકમાં પણ થતા કાળા નાણાં સહિતના સોદાઓ પર ચેક પેમેન્ટની માત્રા વધી જતા સરકારને ટેકસની આવક તો વધશે જ પરંતુ અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો ઘટતા આ સહિત તમામ ચીજવસ્તુના ભાવોમાં લાંબે ગાળે ઘટાડો થશે. હવે સામાન્ય નાગરિકને આજે તકલીફ છે, પરંતુ કાળુ નાણું ધરાવનારાઓની તો ઊંઘ જ હરામ થઈ ગઈ છે માત્ર જાહેરમાં લાફા મારી તેઓ પોતાના ગાલ લાલ રાખી રહ્યાં છે. આ નિર્ણયથી એક સંદેશો સ્પષ્ટ છે કે ટેકનોલોજીની ક્રાંતિનો ઉપયોગ હલે પ્રમાણિક બનવા માટે જ કરવો પડશે અને સાથે સાથે પ્લાસ્ટિક મની એટલે કે ક્રેડિટ-ડેબિટ કાર્ડ વગેરેનું ચલણ વધશે તેને જલ્દીથી અપનાવવું હિતકારક રહેશે. આ સાથે ઓનલાઈન બેંકિંગ સેવાનો ઉપયોગ પણ કરવો જરૂરી બનશે જે દેશમાં કાળા નાણાંને વ્યાપને અટકાવવા ખૂબ જ ઉપયોગી બનશે. જો કે સરકારે હજુ પણ બાકીના દિવસોમાં ચલણી નોટો બદલવાની પ્રક્રિયાને મજબૂત બનાવી નાગરિકોને પડતી તકલીફ ઓછી કરવા પર ધ્યાન આપવાની જરૂર છે. વળી, આવનારા સમયમાં શકય હોય તેટલી આવકની અસમાનતા દૂર થાય અને સંગઠિત ક્ષેત્રમાં પણ હકક પ્રમાણેનું વેતન મળી રહે તે જોવું ખૂબ જરુરી બનશે. દેશની આંતરરાષ્ટ્રીય શાખને પણ જોખમમાં મુકી લીધેલા સરકારી નિર્ણય પાછળ સરકારનો હેતુ ભલે થોડો રાજકીય પણ હશે પરંતુ પ્રવર્તમાન આર્થિક પરિસ્થિતિ મુજબ જરૂરી પણ હતો એટલે આ સાથે જ દેશના નાગિરકોએ પણ પોતાની ફરજ નિભાવવી જરૂર થઈ પડે છે કારણ કે 'આપણે હંમેશા હકક તો બમણાં જોરથી માંગીએ છીએ પરંતુ ફરજ આસાનીથી ભુલી જઈએ છીએ.'

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com



શહેરના રીલાયન્સ ચાર રસ્તાથી શાહપુર ચાર રસ્તા સુધીના માર્ગ પર આજે બપોરના સુમારે માર્ગ પરથી પસાર થઈ રહેલી ગાયને વાનની ટકકર વાગતા અકસ્માત સર્જાયો હતો. જેમાં વાન ચાલક ટકકર મારીને દર્દથી કણસી રહેલી ગાયને છોડીને પલાયન થઈ ગયો હતો. બનાવની જાણ જલારામ એનીમલ હેલ્પ લાઈનના ડોકટર સ્નેહલ પ્રજાપતિને થતા તાત્કાલિક દોડી પહોંચીને ગાયને પ્રાથમિક સારવાર આપી હતી. પરંતુ તેમના જણાવ્યા મુજબ અકસ્માતને પગલે ગાયના બંને પગનું હાડકું તુટી જવા પામ્યું છે ત્યારે બનાવ સ્થળે હાજર ગૌ પ્રેમી કૌશલ ઠકકરે ગાય માલિકની મરજીથી ગાયને ભાભર ગૌ શાળા મોકલી આપવા કવાયત હાથ ધરી હતી.

## ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનનો સ્નેહમિલન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૧૩

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત, ગાંધીનગરનો સ્નેહમિલન સમારોહ ભાનુકાન્ત પી. પરમારના અધ્યક્ષસ્થાને અને પ્રવીણભાઈ ગઢવી-આઈ.એ.એસ.(નિવૃત્ત)ના અતિથિ વિશેષની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. અધ્યક્ષશ્રીએ સંસ્થાના સભ્યોને નૂતનવર્ષના અભિનંદન પાઠવી સુખમય અને આરોગ્યમય જીવન જીવે એવી શુભકામનાઓ સહ દલિત સમાજના પ્રશ્નો અને વિકાસ માટે સજાગ રહેવા અનુરોધ કર્યો હતો. રાજય અને દેશની પ્રવર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં રાજયની સાથે સાથે આપણે પણ અસામાજીક અને માનવહક્કનું હનન કરનારા તત્વોનો સામનો કરવા કટીબદ્ધ થઈએ તે માટે અપીલ કરી હતી. અતિથિવિશેષ પદેથી શ્રી પ્રવીણભાઈ ગઢવીએ સરકારી નોકરી દરમિયાન દલિતોને જમીન, ખેતમજુરોને પેન્શન, અસ્પૃશ્યતા નિવારણ સાથે ભગવાન બુધ્ધ અને ડૉ. બાબાસાહેબની સમાનતાની વિચારધારા અને બંધારણના અમલ તેમજ નાનપણથી જ માર્કસવાદી વિચારો ધરાવતા જેવી બાબતો અંગે પ્રવચન આપ્યું હતું.

ત્યારબાદ વરિષ્ઠ સભ્યો, અતિથિવિશેષ વગેરેનું સન્માન કરવામાં આવ્યું હતું. આભારવિધિ શ્રી એન.એસ. જાધને કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહામંત્રી વિરચંદભાઈ પરમારે કર્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. બાબુભાઈ દામોદરદાસ છનીયારા, ઉ.વ. ૯૦
- સ્વ. મનસુખભાઈ વાલજીભાઈ પુરબીયા, ઉ.વ. ૨૫